ENTRANCE
EXAM DATE
28th
JUNE , 2026

# ADMISSION

## OPEN FOR

# UPSC

# FREE

## COACHING




SCAN
&
REGISTER
START FROM
01/06/2026
TO
16/06/2026

## MORE INFORMATION

9512828511

https://sujioupsc.in

SAURASHTRA UNIVERSITY
CAMPUS RAJKOT-360005

તા: ૦૧/૦૬/૨૦૨૬

# SU -JIO UPSC ભવન પ્રવેશ પરીક્ષા – ૨૦૨૬ -૨૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ IAS/IPS બની ઉચ્ચ પદવી હાસલ કરે તે હેતુ થી **વર્ષ ૨૦૧૯** થી SU-JIO UPSC **ભવન** શરૂ કરવામાં આવેલ છે, આ SU-JIO UPSC BHAVAN, JIO **(જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન) ના સંસ્થાપક જૈન મહારાજ સાહેબ પ. પુ. નયનપદ્મસાગર મહારાજ અને પ. પુ. મયણા મહાસતીજીની** પ્રેરણા અને આશીર્વાદ અને **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંલગ્ન પ્રયત્નોથી વર્ષ-૨૦૧૯થી** શરૂ કરવામાં આવેલ છે.

SU-JIO UPSC **ભવન** અંતર્ગત **સાત વર્ષમાં કુલ ૨૫ વિદ્યાર્થીઓએ** UPSC **ની પ્રાથમિક પરીક્ષા** અને **ત્રણ વિદ્યાર્થીઓ** UPSC **ઈન્ટરવ્યું સુધી પહોચેલ છે**. અને હાલ **ભારત અને ગુજરાત સરકાર અંતર્ગત કુલ ૧૩૦ થી વધુ વિદ્યાર્થીઓ અધિકારી તરીકે સેવા આપી રહ્યા છે**.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓને UPSCનું શ્રેષ્ઠ કોચિંગ મળે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સંચાલિત આ ભવનમાં **જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO)** તરફથી **દિલ્હીથી** UPSC **ના શ્રેષ્ઠ તજજ્ઞો** દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. આ SU-JIO UPSC BHAVAN નો **હેતુ એ જ છે કે, સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિદ્યાર્થીઓ** UPSC **ની પરીક્ષા પાસ કરી** IAS/IPS **જેવા શ્રેષ્ઠ હોદ્દાઓ પર પોતાનું સ્થાન અંકિત કરે, બસ આજ ઉદેશ્યથી દિલ્હીના શ્રેષ્ઠ તજજ્ઞો રાજકોટ આવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે વિદ્યાર્થીઓને તાલીમ આપે છે.**

આ તાલીમ સંપૂર્ણ નિ:શુલ્ક છે. **એક પણ રૂપિયાનો ચાર્જ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતો નથી.** કોઈ પણ જ્ઞાતિ, જાતિ, અથવા કોઈપણ પ્રકારની ભેદભાવ વગર **ફક્ત પ્રવેશ પરીક્ષા અને ઈન્ટરવ્યુનાં મેરીટનાં આધાર પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન** (JIO) **દ્વારા સંયુક્તપણે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ તાલીમ અને સુવિધાઓ મળે તે હેતુથી આ ભવન શરૂ કરવામાં આવેલ છે.**

SU-JIO UPSC **ભવન ખાતે વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત** UPSC **પરીક્ષાની પૂર્વ તાલીમ મેળવવા માટે નવી બેચ શરૂ થવા જઈ રહી છે. આ બેચ અંતર્ગત સૌરાષ્ટ્ર અને ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ ગુજરાતમાં જ રહી** UPSC **નું સર્વશ્રેઠ અને ખુબ અનુભવી તજજ્ઞો દ્વારા અને ઉચ્ચકોટીની તાલીમ નિ:શુલ્ક લેવા માટે** SU-JIO UPSC **ભવનની પ્રવેશ પરીક્ષા માટે આપ સર્વે ને અમો આમંત્રિત કરીએ છીએ.**

## ❖ <u>પ્રવેશપરીક્ષા માટેની લાયકાત</u>:

આ પ્રવેશ પરીક્ષા **<u>સ્નાતકની છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ હોય અથવા તો તેનાથી ઉપરના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ</u>** આ પરીક્ષા આપી શકે છે.

(UPSC સિવિલ સર્વિસ નાં સમકક્ષ લાયકાતના ધોરણો લાગુ પડશે.)

## ❖ <u>પ્રવેશ પરીક્ષાનું માળખુ</u>:

**આ પરીક્ષા <u>બે તબક્કામાં</u> લેવામાં આવશે, જે હિન્દી / અંગ્રેજી ભાષામાં રહેશે.**

**૧. પ્રાથમિક પરીક્ષા – MCQ આધારિત પ્રશ્નો.**

**૨. ઈન્ટરવ્યું**

**૧. <u>પ્રાથમિક પરીક્ષા</u>:**

- **MCQ આધારિત- ઓફલાઈન માધ્યમથી**
- **કુલ પ્રશ્નો: ૧૦૦ (૬૦ – G.S. & ૪૦ – CSAT)**
- **કુલ ગુણ: ૨૦૦. ( દરેક પ્રશ્નના ૨ ગુણ, નેગેટીવ – ૨/૩=૦.૬૬)**
- **કુલ સમય: ૨ કલાક.**

❖ <u>સિલેબસ(અભ્યાસક્રમ)</u>:

| General Studies (60 Questions) | CSAT Studies (40 Questions) |
|---|---|
| • History - Art and Culture | • Comprehension |
| • Geography | • Interpersonal skills |
| • Indian Polity | • Logical reasoning |
| • Environment & Ecology | • Decision-making and problem-solving |
| • Current Affairs & IR | • General mental ability |
| • Sciences and Technology | • Basic numeracy |
| • Indian economy | • Data interpretation |

**<u>૨. ઈન્ટરવ્યું</u>:**

- **વિદ્યાર્થીઓનુ વ્યક્તિત્વ મૂલ્યાંકન – ૧૦૦ ગુણ.**

**<u>ઉપરોક્ત બન્ને તબક્કાના ગુણ (૩૦૦ ગુણ)ને ધ્યાને લઇ ફક્ત મેરીટનાં આધારે પ્રવેશ આપવામાં આવશે.</u>**

## ❖ સૂચનાઓ:

- પ્રવેશપાત્ર વિદ્યાર્થીને ભવનમાં ૨ વર્ષ માટે પ્રવેશ મળશે.
- પ્રથમ વર્ષ માટે લેક્ચરમાં ઓછામાં ઓછી ૮૦% હાજરી ફરજીયાત રહેશે.
- બીજા વર્ષ માટે લેક્ચર કે લાયબ્રેરીમાં સ્વ-અધ્યયન કરી શકશે .
- આ બે વર્ષ દરમ્યાન ભવન દ્વારા લેવામાં આવતી ક્લાસ ટેસ્ટ તથા વિદ્યાર્થીલક્ષી દરેક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ હાજરી આપવી ફરજીયાત રહેશે.
- આ બે વર્ષમાં ઓછામાં ઓછી એક વખત UPSC – CSE પરીક્ષા આપવી ફરજીયાત છે.
- પ્રવેશ મળ્યે વિદ્યાર્થીઓએ રૂ.૮૧૦૦/- ડિપોઝીટ પેટે જમા કરવાના રહેશે. જે કોઈ પણ સંજોગોમાં બીજા કોઈના નામે કે તાલીમના બે વર્ષ પૂર્ણ કર્યા સિવાય મળવાપાત્ર નથી. બે વર્ષ પૂર્ણ થતા યુનિવર્સિટી અને SU JIO UPSC ભવનના નિયમ મુજબ ઓછામાં ઓછી ૮૦% હાજરી હોય તેવા વિદ્યાર્થીઓને જ ડિપોઝીટ રીફંડ મળવાપાત્ર રહેશે.

જે વિદ્યાથીઓ પ્રવેશ પરીક્ષા આપવા ઈચ્છતા હોય તેઓએ SU-JIO UPSC BHAVAN ની વેબસાઈટ WWW.SUJIOUPSC.IN પર તા: ૦૧/૦૫/૨૦૨૬ થી તા: ૧૬/૦૫/૨૦૨૬, રાત્રીના ૧૨:૦૦ કલાક સુધીમાં પ્રવેશ ફોર્મ તથા પરીક્ષા ફી રૂપિયા ૩૦૦ ( રૂ.ત્રણસો પુરા ) ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે.

## ❖ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં લેવાની ખાસ સૂચનાઓ :-

- પ્રવેશ પરીક્ષા નું ફોર્મ ભરવા માટે ભવનની વેબસાઈટ https://sujioupsc.in ઉપર જવાનું રહેશે.
- ત્યારબાદ તેમાં એડમીશન ઓપશન ઉપર ક્લિક કરવાનું રહેશે.
- ત્યારબાદ જેઓ પ્રથમ વખત આ ફોર્મ ભરી રહ્યા છે તેઓએ ન્યુ રજીસ્ટ્રેશન ઉપર ક્લિક કરવું. જેઓએ એક વાર ફોર્મ ભરી દીધું છે અને ફી ભરવાની બાકી છે તેઓએ ઓલરેડી રજીસ્ટ્રેશન ઉપર કિલક કરવું, જેમાં આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને આધાર કાર્ડ નંબર દાખલ કરી ભરેલા ફોર્મની ફી ભરી શકાશે.
- ન્યુ રજીસ્ટ્રેશન ઉપર કિલક કર્યા બાદ વિધાર્થીઓએ પોતાની સાચી પ્રાથમિક વિગતો ભરવાની રહેશે.
- જેઓએ સ્નાતકનાં છેલ્લા વર્ષની પરીક્ષા આપી હોઈ અને અંતિમ પરિણામ તથા ડીગ્રી સર્ટીફીકેટ આવવાનું બાકી હોઈ તેવા વિદ્યાર્થીઓએ છેલ્લે આવેલું પરિણામ એટલે કે સેમેસ્ટર ૫ અથવા સેમેસ્ટર ૬ ની માર્કશીટ અપલોડ કરવાની રહેશે. અને સબમિટ બટન ઉપર કિલક કરવાનું રેહેશે.
- ઉમેદવારો એ ભરેલી પોતાની વિગતો ખાસ ચેક કરી અને ફોર્મ સબમિટ કરવું. આપે દાખલ કરેલ મોબાઈલ નંબર, વોટ્સઅપ નંબર, ઈ-મેઈલ આઈ-ડી ખાસ ચેક કરી લેવું

- સબમિટ બટન પર ક્લિક કર્યા બાદ આપને ફી ભરવાના પેજ ઉપર લઇ જવામાં આવશે, જેમાં આપની <u>બેંક ડીટેઇલ નાખી રૂ. ૩૦૦/- પરીક્ષા ફી ભરવાની રહેશે</u>. ફી ભરવાની પ્રક્રિયા ચાલુ થાય અને જ્યાં સુધી આપને કન્ફોર્મેશનનો મેસેજ સ્ક્રીન ઉપર નાં આવે ત્યાં સુધી એ પેજને રીફ્રેશ કે બેક બટન દબાવવું નહિ. જો આપના બેંક ખાતામાંથી પૈસા કપાઈ જાઈ અને કોઈપણ કારણોસર આપને કાન્ફોર્મેશન ફાઈલ અને સ્ક્રીન ઉપર કાન્ફોર્મેશન મેસેજ મળતો નથી તો તેવાં સંજોગોમાં વિદ્યાર્થીઓએ ભવનની વેબસાઈટમાં આપેલા સરનામાં પર તાત્કાલીક સંપર્ક કરવો.
- જેઓ ફોર્મ ભરતા સમયે ફી ભરી શકતા નથી તેઓને ફરીથી ફોર્મ ભરવાની જરૂર નથી, તેવા વિદ્યાર્થીઓએ ઓલરેડી રજીસ્ટર્ડ ઉપર ક્લિક કરી વિગત ભરી ફી ભરી શકશે.
- પ્રવેશ પરીક્ષાનીનું ફોર્મ તથા તેની ફી રૂ.૩૦૦/- ( રૂપિયા ત્રણસો પુરા ) ઓનલાઈન માધ્યમથી જ ભરવાની રહેશે. ફી ભર્યા બાદ આપને એક કાન્ફોર્મેશન ફાઈલ મળશે જેને ડાઉનલોડ કરીને સાચવીને રાખવી જરૂરી છે, <u>ત્યારબાદ જ આપનું રજીસ્ટ્રેશન કન્ફોર્મ થયેલું ગણાશે.</u>

આ પ્રવેશ પરીક્ષા વિશેની આગળની માહિતી અથવા ભવન વિશેની વધુ માહિતી ભવનની વેબસાઈટ http://www.sujioupsc.in ઉપરથી મેળવી શકાશે. તથા આગળની દરેક સૂચનાઓ ભવનની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે જેથી વખતો વખત વિદ્યાર્થીઓએ ભવનની વેબસાઈટની મુલાકાત લેવા માટે અનુરોધ કરવામાં આવે છે .

CCDC - UPSC COACHING CENTRE
SU - JIO UPSC BHAVAN
SAURASHTRA UNIVERSITY CAMPUS, RAJKOT- 360005.
E-MAIL ID:-upsc@sauuni.ac.in

## SU-JIO UPSC BHAVAN

### ENTRANCE EXAM SCHEDULE 2026-2027 BATCH (Updated Schedule)

| Sr. No | Activity | Tentetive Plan |
|---|---|---|
| 1 | **Registration Start** | 01-06-2026 |
| 2 | **Registration Closed** | 16-06-2026 |
| 3 | **Hall Ticket** | 18-06-2026 |
| 4 | **Exam Day** | 28-06-2026 |
| 5 | **Provisional Answer Key** | 28-06-2026 |
| 6 | **Time for Objection** | 28-06-2026 TO 30-06-2026 |
| 7 | **Final Answer Key** | 01-07-2026 |
| 8 | **Prelims Exam Result** | 01-07-2026 |
| 9 | **Interview & Document Varification** | 06-07-2026 TO 07-06-2026 |
| 10 | **Final Result** | 09-07-2026 |
| 11 | **Deposite Submit** | 09-07-2026 TO 12-07-2026 |
| 13 | **Batch Inaugration/ Class Start** | 13-07-2026 |

RAJKOT.

ડૉ. સંજય પંડ્યા
કો- ઓર્ડીનેટર